


## સલામી સવારની..

કોમી પીઠબળે સૌને રાજકારણે પેસવું છે,
આંદોલન ઓશિકે, સૌને નેતા થઈ બેસવું છે,
ઘસવું છે ચંદન 'લાલીયાઓને' મફતનું -
લડતના નામે મોટા ફંડ ફાળા કરી ટેસવું છે..

હાઈકુ

પાક કર્નલો -
વાઘ નખ પ્હેરીને,
ભેટે વ્હાલથી...
(બોર્ડર મિટીંગ)

ભક્તિ ના ભાવે,
વર્ષાવે રિદ્ધિ-સિદ્ધિ -
ગણેશ કૃપા
(ભાદરવો ભીનો)

## ચિંતન

**સહાય-સાધ્યં રાજત્વં ચક્રમેકં ન વર્તતે ।**
**કુર્વીત સચિવાં સ્તસ્મા તેષાં ચ શ્રુણુયાન્મતામ્ ॥**

જેમ રથ-વાહનનું એકલું - માત્ર પૈડું રથને ગતિ નથી આપી શકતું (રથમાં ચાર કે બે પૈડાં જરુરી છે તો જ રથ-વાહન સરખી રીતે ગતિ કરે) તેમ માત્ર એકલો રાજા-મુખ્યપ્રધાનથી રાજય વહીવટ ન ચાલી શકે, રાજાને સહાયક અન્ય વિભાગવાર પ્રધાનો-સચિવોની પણ નિયુક્તિ કરી એમની સલાહ-સૂચના પ્રમાણએ-નિષ્ણાતોના મત મુજબ રાજય કારભાર ચલાવવો જોઈએ.

રાજય વહીવટ-પ્રજા પ્રશાસન એક ખૂબ મોટો-વિશાળ વહીવટ છે દરેક ખાતાં-વિભાગોની સમસ્યા-કાર્યો સમજવા તેના નિષ્ણાતો હોવા જરુરી છે. બધા નિર્ણય જાતે - આપખૂદ કરી ન શકાય.

આ વાત માત્ર રાષ્ટ્ર સંચાલનને જ નહીં પણ ઘર-પરિવાર-સામાજિક સંસ્થાઓના સંચાલન માટે પણ એટલી જ મહત્ત્વની છે સર્વની સાથે મંત્રણા કરી - સલાહ સૂચન સ્વીકારી વહીવટને વધારે સ્વીકાર્ય બનાવી શકાય.

## સુવિચાર

- સમાધાન હોય છે ત્યાં ક્રાંતિ સમાપ્ત થઈ જાય છે - **લેનિન**
- પ્રેમમાં આકર્ષણ નહીં પણ સમર્પણ હોય, પ્રેમમાં ખેંચાણ હોય પણ ખેંચતાણ ન હોય,
  પ્રેમમાં અપેક્ષા હોય પણ હઠાગ્રહ ન હોય,
  પ્રેમમાં અધિકાર હોય પણ અત્યાચાર ન હોય - **ચિત્રલેખા**
- કેટલા જુદા થઈ ગયા છીએ આપણે... બાળપણમાં પોતાનાથી રિસાતા હતા...
  આજે તો દુશ્મનથી પણ હસીને મળીએ છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- સારુ ખરાબ વગર રહી શકે છે પણ ખરાબ સારા વગર રહી શકતું નથી - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જમાનાની સાથે બદલાતા જાવ,
  સિવાય કે જમાનાને પણ બદલી નાખવાની ત્રેવડ તમારામાં હોય - **શરીફ વીજળીવાળા**
- અભિપ્રાય વેચવાનો નથી પરંતુ વહેંચવાનો હોય છે - **કાંતિ ભટ્ટ** **(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

આજકાલ ખૂબ મોટાં કૌભાંડો-ચોરી-લૂંટ-છેતરપીંડી-ઠગાઈ થાય છે. એ બધા પાછળ એક જ કારણ છે લોકોને ઈશ્વરનો ડર નીકળી ગયો છે. નાસ્તિકતા અને કળિયુગના પ્રભાવે પાપકર્મો કરવાની હિંમત વધી છે. બધા માને છે કોણ જુએ છે? કોને ખબર પડશે? પાપ છાનું રહેતું નથી - છાપરે ચઢી પોકારે છે. કર્મોની સજા મળે જ છે.

ગોવાળ અલી સાદો-સીધો ભગવાનનો ઓલીયો હતો. આખો દિવસ બકરી ચરાવતો અને વાંસળી વગાડતો - ઈબાદત કરતો.

સૂફી સંત ઉમર તેની પાસે આવ્યા અને કહ્યું, 'આટલી બધી બકરીઓમાંથી મને એક બકરી આપી દે.'

અલી કહે, આ બકરી મારી નથી હું તો માત્ર તેનો રખેવાળ છું. મારા માલિકની રજા સિવાય હું એમાંની એક પણ બકરી આપી ન શકું! હું ગુલામ છું.

.. પણ તારા માલિકને કયાં ખબર પડવાની આટલી બધી બકરીમાંથી એક ઓછી થઈ તો શું ફરક પડે?

અલી કહે, પણ સૌથી મોટો માલિક છે એને તો બધી જ ખબર પડે ને!

સંત ઉમર, અલીને તેના માલિક પાસે લઈ ગયા તેની વફાદારીની વાત કરી. ગુલામીમાંથી મુક્તિ અપાવી અને પોતાનો શિષ્ય બનાવ્યો. પછી સંત અલી તરીકે પ્રખ્યાત થયા.

# ભાગવતે ભાંગરો વાટ્યો!

## તંત્રીસ્થાનેથી....

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં મુખપત્રો 'ઓર્ગેનાઈઝર' અને 'પાંચજન્ય' ને આપેલ મુલાકાતમાં સંઘના સર્વોચ્ચ મોહન ભાગવતે અનામત નીતિ વિશે સમીક્ષા કરવાનો સમય પાકી ગયો હોવાની મનની વાત કહી દઈ અજાણતાં જ મોટો વિવાદ ખડો કરી દીધો છે. એવું નથી કે ભાગવતે કોઈ નવી વાત કરી હોય. એ જ વાત ગુજરાતનો સવર્ણ સમુદાય પણ કહેતો રહ્યો છે અને આ પાટીદાર આંદોલન પાછળનો ખરો આશય પણ એ જ હતો. પાટીદારો ગાંડા નથી કે એ બંધારણ અને સુપ્રીમના આદેશની અવહેલના કરવા તૈયાર થાય. પચાસ ટકાથી વધુ અનામત નહીં હોવી જોઈએ. એ મતલબના સુપ્રીમ કોર્ટના ચુકાદાથી દેશનો દરેક સુશિક્ષિત નાગરિક વાકેફ છે. છતાં આવડો મોટો ઊહાપોહ થયો એની પાછળ ભાગવતના હૈયાની વાત હોઠે આવી, તે જ બાબત કેંદ્રમાં રહી છે. આપણે એને સવર્ણ સમાજની મનોવેદના પણ કહી શકીએ. અનામતનું માળખું જ્ઞાતિ પર નહીં પણ આર્થિક સ્થિતિ પર આધારિત હોવું જોઈએ અને એનો લાભ દરેક જ્ઞાતિ-સમાજના નબળા વર્ગને મળવો જોઈએ, એવો તંદુરસ્ત અને રેશનલ વિચાર એકવીસમી સદીના હિંદુસ્તાનમાં પણ વિવાદનો મધપૂડો છંછેડી શકે છે, તેની પ્રતીતિ ભાગવતના નિવેદનથી ત્વરિત પ્રતિક્રિયા લેખે લાલુ યાદવના મારફાડ નિવેદનમાં જોવા મળે છે. લાલુ યાદવ જ્ઞાતિવાદી રાજકારણના નાદર નમૂના જેવા પ્રાદેશિક નેતા છે. એમને અગાઉ પડકારનારા અને હાલ મજબૂરીવશ એમની સાથે બેઠેલા નીતીશકુમારની જ્ઞાતિનું વજન બિહારમાં ઘણું ઓછું છે, છતાં 'કુર્મી' કહેતાં કણબી પાટીદાર હોવાના નાતે હાર્દિક પટેલની માગણીના સમર્થનમાં અભિપ્રાય દર્શાવવામાં એમને ઝાઝી વાર નહોતી લાગી. માધવસિંહ સોલંકી, મુલાયમસિંહ, માયાવતી કે ચિમનભાઈ-કેશુભાઈ જેવા નેતાઓના રાજકારણનો પાયો એમની જ્ઞાતિ જ રહી છે. ભારતીય સમાજને 'જ્ઞાતિ નિરપેક્ષ' કરવાનું રામમનોહર લોહિયા અને જયપ્રકાશ નારાયણ જેવા સમાજવાદીઓનું સપનું સાકાર થઈ શક્યું નથી. ઊલટાનું જ્ઞાતિવાદ વધુ ને વધુ વકરતો રહ્યો છે અને તે પેટા જ્ઞાતિવાદ સ્વરુપે ફેલાયો છે. દલિતોમાં દલિત છે, અતિ દલિત છે, મહાદલિત છે. ગુજરાતમાં વણકર, ચમાર અને સફાઈ કામદાર (ભંગી) ઉપરાંત ચેનવા, નાડિયા, સેનમા જેવી દલિત જ્ઞાતિઓ છે. વળી દલિતોમાં અંદરોઅંદર આભડછેટ પ્રવર્તે છે, તે કેવી વિડંબના છે! આવી સ્થિતિમાં ભાગવતે સાચું કહેવા જતાં ભાંગરો વાટી નાખ્યો હોય એવી સ્થિતિ સરજાઈ અને લાલુ યાદવની કઠોર પ્રતિક્રિયા પછી તાબડતોબ બિહારના જ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ મારફત ભાજપ અને શાસક પક્ષ વર્તમાન અનામત વ્યવસ્થાની સમીક્ષા કરવા નહીં માગતાં હોવાની રજૂઆત એ પાર્ટીના 'મનની વાત'થી વિપરીત છે, છતાં મજબૂરીવશ એવું નિવેદન કરવું પડ્યું છે કારણ કે જો સંઘના વડાની વાત યથાતથ સ્વીકારી લે તો બિહારમાં ધબડકો જ વળી જાય, એમાં મીનમેખ નહીં! જ્ઞાતિવાદના જ શસ્ત્રથી લાલુની યાદવ વોટબેંક તોડવા ભાજપે સૌથી વધારે યાદવ ઉમેદવાર ઉતારવાની વ્યુહરચના અપનાવી છે. જો તે અનામત નીતિની સમીક્ષાવાળી મા.ગો. વૈદ્ય કે મોહન ભાગવતની રેશનલ રજૂઆતનો પ્રતિકાર ન કરે તો મોદીનું બિહાર વિજયનું સપનું રોળાઈ જાય. એટલે સરકારના અધિકૃત પ્રવક્તા તરીકે રવિશંકર પ્રસાદે કર્યું એવું જ ખુલાસાબંધ નિવેદન સંઘ પાસેથી પણ કરાવવું પડ્યું કે ભાગવતે વર્તમાન અનામત વ્યવસ્થાની સમીક્ષા કરવાનું ધરાર નહોતું કહ્યું! એમણે તો 'જનરલ' વાત કરી હતી! સંઘના વડાનો શબ્દ કયારેક ભારતીય જનતા પાર્ટી માટે આદેશ ગણાતો હતો. રાજકીય મજબૂરી તો જુઓ સંઘને પણ સરકારના અને પાર્ટીના હિતમાં થૂંકેલું ચાટવું પડે છે.

# સાઇકલ - પર્યાવરણ દેવતાનું અદભૂત વાહન




આપણા બધા દેવતાઓ પર્યાવરણપ્રેમી દેવતાઓ છે. વિષ્ણુને દરિયાદેવ વહાલા, શિવજીને હિમાલય અને બ્રહ્માજીને આકાશમાં કમળનું આસન. બોલો! કોઈ કંકાસ ખરો ? એ.. ય.. મજાથી રહેવાનું... કોઈ પ્રદૂષણ નડે ખરું? શિવજીનું વાહન નંદી, ગણપતિનું ઉંદર અને વિષ્ણુનું વાહન ગરુડ છે. કોઈ સમારકામ નહિ અને સદાય તૈયાર વાહન કોને ન ગમે? ઈંધણના ભાવ વધે કે ઘટે દેવતાઓને કોઈ અસર નહિ... તેમના વાહનો તો એકદમ હાજર... આપણને ભૂમિ પર મોકલીને કોઈ વેર લેતા હોય તેવું લાગ્યા કરે...

સમય જતા નવા દેવતાઓ આપણે સ્વીકારવાને ઉદારતા આપણી પાસે છે. જેમ કે લાલબહાદુર શાસ્ત્રીજીએ જય જવાન જય કિસાન સૂત્ર આપેલું. તેમ વર્ષો પહેલાં 'વિકસત' ના એક કાર્યક્રમમાં અમે 'જય પર્યાવરણ'નો જયઘોષ કર્યો હતો. જો કે હવે તો 'જય જળદેવતા' કે 'જય ભૂમિદેવતા' પણ કહેવું પડે તેવા દિવસો જોવાના આવી ગયા છે. કારણકે દેવતા તે જ બની શકે જેની અછત હોય! શુદ્ધ માટી કે તાજું પાણી દુર્લભ બનતું જાય છે. કહે છે પાઉચમાં મળતું પાણી (યોગ્ય પ્રમાણો ન જળવાય ) તો વધુ જોખમી છે. (કોકા-કોલા અને પેપ્સીથી જાજરું સારા સાફ થાય છે તે મતલબનો વિડીયો પણ વાયરલ થયો હતો. યુ- ટ્યુબ પર જોવા મળે છે) કહેવાય છે કે આવનારા ૧૫ વર્ષોમાં ભારતમાં અડધી વસ્તી કોઈને કોઈ રીતે પાણીની મુશ્કેલી અનુભવતી હશે. પૈસા હશે પણ પાણી નહિ મળે. ધન હશે પણ શુદ્ધ ભોજન સુલભ નહિ હોય. દર ચાર વ્યક્તિમાંથી એકને કેન્સર ભાથ ભીડી લેવા તત્પર બન્યું છે.

સાઈલકની શોધ મહાન ભલે ગણાતી, ભારતમાં તો સાઈકલ ચલાવનારને કમસે કમ મહાન નથી જ ગણાતો! એક વાર મારી કોલેજમાં સાઈકલ લઈ જવાની હિંમત મિત્ર સાથે કરી તો અનુભવવા મળ્યું કે વિદ્યાર્થીઓ આપણને ઓળખતા ન હોય તેવો ભાવ તેમના ચહેરા પર સ્પષ્ટ વરતાતો હતો.અમારા એક પ્રાધ્યાપક કૉલેજમાં હરખભેર સાઈકલ લઈને આવતા અને સરસ કવિતાઓ સંભળાવતા.

સાઈકલના બે ગોળ ચક્રો એક સાથે ચાલે છે ત્યારે જાણે સંસારને પણ પગ ફૂટે છે. એવું લાગ્યા કરે કે હું જગતનો ચાલક છું. સાઈકલની ઘંટડી કે ટકોરીનો અવાજ માર્ગમાં આવતા મુસાફરોને બાજુ પર ખસવાની સૂચના આપે છે... પણ વાત આટલેથી પૂરી થાય તો એ ઘંટડી શાની ? કારણકે એનું કુળ તો પેલી મંદિરની ઘંટડીના કુળનું છે. બધાને જગાડે અને કશુંક પમાડે તે ઘંટડી ! મધુરતાનું બીજું નામ ટકોરી કહીએ તો કેવું!

ભલે એક વચનમાં સાઈકલ ચલાવીએ પણ મજા તો બહુવચનમાં જ આવે, કારણ કે સાઈકલની સવારી આપણા અસ્તિત્વને આશરો આપનારી છે. જેવો કૂદકો મારીને સાઈકલ પર સવારી કરીએ ત્યારે આપણુંહોવાપણુંપણ ગતિશીલ બને છે. ધરતીને આવજો કહી આકાશનુંપડખું સેવવાની ખેવના સાઈકલને મજાનું વાહન બનાવી દે છે. પર્યાવરણને બચાવવાની સાચા દિલની ઈચ્છા હોય તો સાઈકલને હવા પૂરીને તૈયાર રાખવી જોઈએ. સાઈકલમાં હવા પૂરવાની આખી ક્રિયા પણ તાત્વિક ભૂમિકાએ આપણને લઈ જવા સક્ષમ છે. જેમ કે, જીવનની ગાડીને સતત ઑક્સિજનની આવશ્યકતા રહે છે તેમ સાઈકલને પણ વાયુની જરૂર રહે છે.

વિશ્વનો પ્રવાસ કરાવવાની તાકાત સાઈકલમાં છે અને વિશ્વને પર્યાવરણ શુદ્ધિ આપવાની તાકાત સાઈકલમાં છે. એકલતાને સાયકલતાનો રંગ ચડાવી દો પછી સાઈકલ એ શાનદાર સાથી બની જશે.જોડીમાં બેસીને જતા બે લોકો સાઈકલને કોઈ યાનની સમકક્ષ મૂકી દે છે. પરિવાર સાથે સાઈકલની સવારી કરનારને વિશ્વની સવારીનો સંતોષ મળી જાય છે.

સાઈકલ પેલા પ્રાથમિક શાળાના શિક્ષકની જેમ આપણા જીવનનો એક અભિન્ન ભાગ છે, છતાં જેમ જેમ આપણે આગળ અભ્યાસ કરતા જઈએ તેમ પેલા એકડી - બગડી શીખવનાર ગુરુને વિસરી જઈએ છીએ. જેમ શિક્ષણના સંદર્ભે ગુરુને નમસ્કાર કરીએ છીએ તેમ ગતિમય જીવનના કોઈ ગુરુ હોય તો તે સાઈકલદેવ જ હોઈ શકે! ભાગ્યે કોઈ વ્યક્તિ હશે જે સાઈકલ વિના કોઈ મોટા વાહનને શીખ્યો હશે.

સાઈકલની મોટી વિશેષતા તો હજી કહેવાની રહી જાય છે, સાયકલ એક માત્ર એવું વાહન છે જે આપણને ઉંચકી શકે છે અને આપણે પણ તેને જરૂર પડે તો ઓછા પ્રયાસે ક્યાંય લઈ જઈ શકીએ છીએ. બાળપણમાં કેટલીક પહેલી જ દ્રષ્ટિએ ગમી જાય છે, તેમાં એક એટલે સાઈકલ. જેમ દિવાર ફિલ્મનો નાયક કહે કે 'મેરે પાસ મા હૈ' તેજ રીતે બાળપણમાં આપણે પણ સાઈકલને માસી તો કહી શકીએ તે સ્થિતિમાં તો હોઈએ છીએ. આપણા દેશના દસ ટકા લોકો પણ

અનુસંધાન પાના નં. ૭ પર

# આજ આખી દુનિયા હોટલમાં નવા જમાના પ્રમાણે લગ્ન પ્રસંગ ઉજવે છે અને ઘેર જતાં તૂટી જાય છે, મને એ સમજાતું નથી કે હોટલ 'ઘર' બની રહી છે કે ઘર 'હોટલ' બની ગયાં છે




ખબર નહીં આને વાર્તા કહેવાય કે બીજું કંઈ. જો બીજું કહીએ તો પણ શું ફરક પડે છે?

આ વાર્તા કંઈક એવી જ છે. હાં તમે સાચું જ વિચાર્યું. એ કંઈક એવો જ હતો. 'કંઈક અલગ' હતો. દુનિયાથી સાવ અલગ-નિરાળો. ખુબ ગમી ડાય એવો પરંતુ એકલો અટૂલો. તેના વિખરાયેલા વાળ એ વાતની સાક્ષી પુરતા હતા કે તેના માથાના વાળનો પણ તેનઓ કોઈ સાથ નહોતો... કારણ ? એ કંઈક અલગ હતો. કયારેક તમને એમ લાગતું નથી કે આપણે 'કંઈક અલગ' થઈ જઈએ છીએ તો 'કંઈક અલગ' દેખાવા પ્રયત્ન કરીએ છીએ. અને આપણું આ 'કંઈક અલગ' પણું અભિષાપ બની જાય છે. જે આની સાથે બનેલું.

હોટલમાં બહુ ભીડ હતી. મતલબ કે તેના બેહદ દર્દ કરતાં પણ વધુ હોટલમાં ભીડ હતી. તે ઉદાસ મને એક તરફ ઊભો રહી પોતાના માટે કોઈ સુરક્ષિત જગ્યા શોધવા લાગ્યો પણ હોટલમાં કોઈ જગ્યા ખાલી ન હતી. તેણે ચારે બાજુ નજર ફેરવી ધ્યાનથી જોયું. છોકરા-છોકરીઓ સામસામે બેઠા હતા. પણ એકબીજાની આંખોમાં તાંકઝાંક એ રીતે કરતાં હતાં જાણે કંઈક ચોરી ને ભાગી જવા માંગતા ન હોય! ચ્હાના ખાલી કપ રકાબી કોઈ નવ યૌવનાની બંગડીઓની જેમ વેઈટરની ટ્રેમાં રણકાર કરી કોણ જાણે કોના આવવાનો સંકેત આપતી હતી. એક અજબ પ્રકારના અવાજોથી હોટેલ ગુંજી રહી હતી.

તેણે પોતાની શૂન્ય આંખોમાં જરા ભેજ અનુભવ્યો. તેણે તરત પોતાની આંખોની પાંપણો બંધ કરી આંસુની માસુમ બુંદોને આંખોમાં જ દફન કરી દીધી. અચાનક તેની નજર એક ટેબર પર પડી. ત્યાં એક ઉદાસ છોકરી બેઠી હતી ચૂપચાપ. કદાચ એ તેના બોયફ્રેન્ડની રાહ જોતી હતી. આ તરફ હોટલમાં હંસી મજાક ચાલતી હતી. તેમાં કોઈનું હાસ્ય ઈમાનદાર હતું તો કોઈ ખરેખર ખુબ બદમાશી ભર્યું અને બેઈમાનીથી હસી રહ્યા હતા.

એક પળ માટે તેણે વિચાર કર્યો. પછી હિંમત કરીને એ પેલી ઉદાસ છોકરી તરફ આગળ વધ્યો.

'શું હું અહીં આ ખાલી ખુરશીમાં બેશી શકું?'

'કેમ?'

છોકરીએ જાણે તેના ગાલ પર તમાચો મારી દીધો. તે હિંમત કરીને બોલ્યો. 'ના.. ના.. એવું કંઈ નથી. જો તમારો કોઈ બોયફ્રેન્ડ આવવાનો હોય તો હું બીજે કયાંક જઉં. આ તો મને એમ થયું કે સીટ ખાલી હોય તો બેસી જાઉં.'

હવે છોકરીએ તેની તરફ કંઈક વિચિત્ર રીતે જોયું. છોકરીને એમ લાગતું હશે કે તેની સામે ઊભેલ આ છોકરાને દુનિયાદારીનું કંઈ ભાન નથી. એ ઉદાસ છોકરી સાચું જ વિચારતી હતી. તે વાસ્તવમાં લોલુપ આંખોવાળી આ દુનિયા બાબતમાં કંઈ જાણતો ન હતો.

અચાનક ઝડપથી પસાર થતો વેઈટર તેની સાથે ટકરાઈ ગયો. ટ્રેમાં રાખેલ ચ્હા ટ્રેમાંથી ઢોળાઈ જાણે કે કયારેક આપણે વગર વાંકે કોઈની નજરમાંથી ઉતરી જતાં હોઈએ છીએ એમ.'

'અરે ભાઈ... બેસતા કેમ નથી. મૅડમની સામે ઠુંઠાની જેમ ઊભા શું છો? સીટ ખાલી પડી છે ને? બેસી જાવ.'

વેઈટરે જરા ઘુંઘવાતાં કહ્યું, 'બેસોને'

પહેલીવાર પેલી ઉદાસ છોકરીએ દયા ખાઈને કહ્યું, 'બેસો.' તરત એ આજ્ઞાકારી બાળકની જેમ ખુરશી પર બેસી ગયો. પણ બેસતાંની સાથે જ તેના હૃદયમાં ધબકારા ધક... ધક.. ધક.. વધી ગયા. પહેલીવાર તેણે એ અજાણ છોકરી સામે ધ્યાનથી જોયું હતું. કદાચ કમળના ફૂલ જેવા ચહેરામાંથી એક કાચી ગંધનો તેને અનુભવ કર્યો. છોકરીની આંખો એવી હતી જાણે નજરથી આલિંગન કરી રહી ન હોય. તેના લાંબા લાંબા કાળા વાંકળિયા વાળ તેની પીઠ પર એવી રીતે ઝુલતા હતા કે જેમ કોઈ ઘટાદાર વૃક્ષ પર લાંબી લાંબી શાખાઓ વિસ્તરી હોય. જે કોઈને આવવાની રાહ જોતી હોય.

'હું સહાયતા' અચાનક છોકરી બોલી.

'જી, હું અસહાય'

'તે પાગલની જેમ તેની સુંદરતા પર મોહીને સાચું જ બોલી ગયેલો. છોકરી ખડખડાટ હંસી પડી.'

'શું તમારે કંઈ નામ નથી.'

'ના,' અને તેના સુકા હોઠ પર સૂનકાર પ્રસરી ગયો.

'સારું બોલો, હું સુંદર છું.' છોકરીએ તેની મજાક કરતાં પુછ્યું.

'ના.. ના.. તમે સુંદર નહીં. પણ ખુબ જ સુંદર છો.'

'વેઈટર ચ્હા લાવો' છોકરીએ પ્રેમથી હસતાં હસતાં ઓર્ડર આપ્યો.

'તમારા ઘરમાં કોણ કોણ છે? સહાયતા એ પોતાનો હાથ લંબાવી ટેબલ પર મુકતાં મૈત્રીના અંદાજમાં પુછ્યું.'

'મોટું કોઈ નથી.. તેથી ઘર પણ નથી.' તે કંઈક દાર્શનિક ઢબે પોતાની આંખોમાં છુપાવી રાખેલ આંસુઓ પર પાંપણનો પડદો પાડીને બોલ્યો.

હોટલમાં ભીડ વધતી જતી હતી. પત્નીએ પોતાના પતિનો હાથ પકડીને ખાલી ખુરશીઓ શોધવા આમતેમ જોઈ રહી હતી. તો આ તરફ હોટલમાં ધીમા અવાજે મુકેશનું જૂનું ગીત વાગી રહ્યું હતું.

'કહી દૂર જબ દિન ઢલ જાયે... (ફિલ્મ આનંદ)'

તેણે ખુરશી પર બેઠા બેઠા હોટલને ધ્યાનથી જોઈ. તેને એમ લાગ્યું કે આ હોટલ નથી પણ ઘેરથી ભાગેલા લોકોની શરણાર્થી શિબિર છે. લોકોની શરણાર્થી શિબિર છે.

'તમે શું વિચારો છો?' છોકરીએ ચ્હાનો કપ તેની તરફ સરકાવતા પુછ્યું.

'અહીંયા આટલી ભીડ કેમ છે?'

'કદાચ ભીડમાં એકબીજાનો મેળાપ થઈ જાય અને જીવન સફળ થઈ જાય.'

છોકરીની આંખોમાં ચમક આવી ગઈ.

'મેડમ.... તમારા બોયફ્રેન્ડ આવી ગયા?'

'હાં, આવી ગયા.' છોકરીએ નીચું જોઈ કહ્યું.

અમે આ રીતે એક હોટલની ભીડ જાણે બે આત્માઓના મિલનનો ઉત્સવ ઊજવી રહી. મને ખબર છે કે આજ આખી દુનિયા હોટલમાં નવા જમાના પ્રમાણે લગ્ન પ્રસંગ ઉજવે છે અને ઘેર જતાં તૂટી જાય છે. મને એ સમજાતું નથી કે હોટલ 'ઘર' બની રહી છે કે ઘર 'હોટલ' બની ગયાં છે.

- vanvihari@gmail.com

# જાદુઈ જીંદગી..!! કોણ, કયારે, કેવી હાથચાલાકી કરે, શું ખબર ??




મહાબળેશ્વર એટલે જેલી ચૉકલેટ્સનું હબ, ત્યાં સ્ટ્રોબેરી અને અવનવી જેલી ચૉકલેટ્સ શિંગ-ચણાની જેમ વેચાય છે... ત્યાં આવેલી પ્રખ્યાત મેપ્રો ગાર્ડન્સના ગેટ સામે ૧૨ વર્ષનો દેખાતો એક રૂપાળો છોકરો ફલૉરોસેન્ટ કલરના કપડાં પહેરી, માથામાં ચપોચપ તેલ લગાડી બિલકુલ વચ્ચેથી પાથી પાડીને હાથમાં જાદુઈ ખેલની કોથળી ભરીને ઊભો હતો... એના એ જાદુઈ થેલામાંથી એની લાકડી, મોરપીંછ, કાગળની લાંબી ભૂંગળી, લાકડાનું બોક્સ, પ્લાસ્ટિકનો ઢીંગલો, રંગબેરંગી કાગળ એવું બધું ડોકાતું હતું... યસ, એ એક આજીવિકા માટે સંઘર્ષ કરતો નાનકડો બાળ જાદુગર હતો!



એ જાદુગરનો જોઈને સ્નેહલના ૧૦ વર્ષના દીકરા મૌલિકે એ જાદુના ખેલ જોવાની જીદ કરી. સ્નેહલે મને-કમને પેલા જાદુગરને ઈશારો કરીને એની પાસે બોલાવ્યો...

'કિતને પૈસા લોગે?' સ્નેહલે અમદાવાદી સ્ટાઈલમાં પૂછ્યું.

'આપકી મર્જી, સાહબ! જાદુ પસંદ આયા તો દેના; નહીં આયા તો કુછ મત દેના, બચ્ચે કો ખુશી તો મિલ હી જાયેગી.'

અને એણે તો એના કોથળામાંથી ટોપી, છડી, શેતરંજી, ફૂલ, પત્તા, સસલું, ઘડો, રૂ, માચીસ, લાકડાનું ખોખું... જેવી ચિત્ર-વિચિત્ર વસ્તુઓ કાઢવાની શરુઆત કરી, બધી વસ્તુઓને પોતાની રીતે વ્યવસ્થિત ગોઠવી દીધી... અને એના મજબૂત સ્પષ્ટ અવાજમાં લોકોને બોલાવવાં લાગ્યો...

'કદરદાન, મેહરબાન, આ જાઓ સબ લોગ, બહોત હી જલ્દ જાદુઈ સિલસિલા શુરુ હો રહા હૈ...'

મહાબળેશ્વરમાં ફરવા આવેલા લોકો એના અવાજથી આકર્ષાઈ ભેગાં થવા લાગ્યાં, જોતજોતામાં ભરપૂર ભીડ ભેગી થઈ ગઈ. અને એને જોઈને આ નન્હા જાદુગરમાં પણ એક અનોખી ત્યાંના વાતાવરણ જેવી જ તાજગી છવાઈ ગઈ...

વૉટર ઑફ ઈન્ડિયા, દિવાસળીના બોક્સમાં સળગતું રૂ નાંખીને મમરા બહાર કાઢવા, પત્તાની કેટમાંથી આપણે પસંદ કરેલું પાનું જે મનમાં ધાર્યું હોય એ જ દિવાલ સામે ઉછાળવું, દોરીના બે ટુકડા કરીને સાંધી દેવાં, દોરડાંને કડક કરી એની જાદુઈ છડી બનાવી દેવી, બોમ્બ ફોડીને એમાંથી ચળકતા તોરણની લૂમ કાઢવી, સસલાંને પાંજરામાં નાંખી એમાંથી રંગીન છત્રીઓ બનાવી દેવી... એનાં જાદુના ખેલ - તરતબ એવાં તો સરસ કે પ્રેક્ષકો તલ્લીનતાથી જોઈ રહ્યાં હતાં!

કાગળનાં ભૂંગળામાં લાલ દડો નાંખીને લીલો દડો બહાર કાઢવો, ન્યૂઝપેપરની ભૂંગળીમાં દૂધ રેડીને બિલકુલ કોરું છાપું બહાર કાઢવું, પોતાના હાથમાં રહેલો સિકકો હવામાં ઉછાળી ગાયબ કરી પ્રેક્ષકાના ખિસ્સામાંથી કાઢવો, ૫૦૦ રૂપિયાની નોટને ડબલ કરી દેવી... આવું બધું ચાલતું હતું, પછી એણે ત્રણ ડબ્બા કાઢ્યાં, કંઈક કુકા કાઢ્યાં, પ્રત્યેક ડબ્બા નીચે એક કુકી મુકી દીધી...

પછી એ ફટાફટ એ ડબ્બાઓને ફેરવવા લાગ્યો અને અદલા-બદલી કરવાં લાગ્યો, એણે એક ડબ્બા તરફ આંગળી કરીને સૌ પ્રથમ ગ્રાહક બનેલા સ્નેહલને પૂછ્યું, 'સાહબ, ઈસ ડબ્બે કે નીચે કિતની ગોટી હૈ, બતાવો ?'

સ્નેહલ તો આ રમતને અત્યંત ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો એટલે એના માટે તો જવાબ બહુ સહેલો હતો. કારણ બધા ડબ્બા નીચે એક જ કુકડી હતી! ડબ્બાની હેરાફેરી કરવાથી કંઈ નીચેની કુકડી થોડી ખસી જવાની હતી?

સ્નેહલે અમદાવાદી સ્ટાઈલમાં બેફિકર થઈને જવાબ આપ્યો, 'ઉસમેં કયાં સોચને કા 'એક' હી ગોટી હોગી'

એમનો આ જવાબ સાંભળતા જ નાનો જાદુગર બાજી જીત્યાના આવિર્ભાવ સાથે ડબ્બાને ઊંચકી લીધો, અને સ્નેહલના જવાબને સદંતર ખોટો ઠેરવ્યો! ડબ્બાની નીચે ત્રણ કુકડી હતી...

સ્નેહલ અને એમના દીકરા મૌલિક બંનેને ખૂબ આશ્ચર્ય થયું. એની હાથચાલાકી કમાલની હતી... પછી એણે એક પ્લાસ્ટીકનો ઢીંગલો એના હાથમાં લીધો. સ્નેહલ હજી મનમાં વિચારતો હતો કે આ બચ્ચો શું કરશે? એટલામાં તો એણે ઢીંગલાને બોલતો કરી દીધો! બધાંની સામે જઈને પ્રેક્ષકો જે શબ્દ બોલે એ એણે ઢીંગલા પાસેથી એમનાં જ અવાજમાં સંભળાવ્યાં... 'બચ્ચે લોગ બજાઓ તાલી' જાદુગરે બુમ પાડી અને જોરદાર તાળીઓના ગડગડાટ સાથે એનો શૉ પુરો થયો... એણે બધાં બાળકોને જેલી ચૉકલેટ મફતમાં આપી!

જાદુના ખેલ માટે પહેરેલી ટોપીને ઊંધી કરી એણે પૈસા માટેની ટહેલ નાંખી... કોઈકે પાંચ, કોઈકે દસ તો કોઈક દિલદાર ૫૦ની નોટ નાંખી ત્યાંથી જવા લાગ્યા, અમુકના હાથ ખિલ્લા સુધી ગયાં પણ કદાચ ત્યાં ફેવિક્વીકની ટ્યુબ હોવાથી પાછા બહાર નીકળ્યાં નહીં અને તેઓ નજર ચોરી, દબાતા પગલે ધીમે ધીમે ખસી ગયાં... સ્નેહલ તેના દીકરાને લઈ નાના જાદુગર સાથે ફોટો ખેંચાવી મુઠ્ઠી વાળીને એક સોની નોટ પકડાવી ત્યાંથી નીકળી ગયો...

રિટર્ન જર્ની ચાલુ થઈ, મૌલિક ટ્રેનમાંથી દેખાતાં દશ્યો જોવામાં, સ્નેહલના પત્ની થેપલાં-છૂંદાની પ્લેટ તૈયાર કરવામાં વ્યસ્ત હતાં, પણ સ્નેહલના નજર સામે પેલો નાનો જાદુગર અને એનાં ખેલ આંખો સામે ફરતાં હતા, માણસની લાઈફ શું છે? એક જાદુઈ જીંદગી જ ને?

આ જાદુઈ કોણ, કયારે, કેવી રીતે કરે છે? કયારેય ખબર પડતી નથી. આપણે તો આ જાદુનાં એક રમકડાં જ છીએ. બીજાના વિચાર જાણવાનું કૌવત આપણામાં નથી. આપણને ન ગમતી કુકરીને એક ડબ્બામાંથી બીજા ડબ્બામાં ખસેડવાનો કસબ પણ નથી. આપણે તો માત્ર પ્રેક્ષક! આપણે માત્ર જોતાં જ રહેવાનું, જાદુના ખેલ અને હાથચાલાકી આપણી સાથે જ રહે છે!

**હાથ જાશે, હાથ કેરો નાથ જાશે સાથમાં**
**હાથમાં આવ્યું જશે - સંસાર છે ચાલ્યા કરે?**

કયારેક એડમિશન તો કયારેક પ્રમોશન, કયારે ઘરનો ડ્રો તો કયારે લગ્નનો શૉ... બધું જાદુઈ લાગે છે, કોઈકને જાદુગરનો પ્રતાપ ફળે તો બધું એની ઈચ્છા મુજબ જ બનતું ચાલે છે, તો વળી સામે છેડે કોઈક હાથચાલાકીમાં માહિર હોય તો આ બધું તમારી નજર સામેથી એકદમ 'છૂ' કરી દે છે. અને તમે માત્ર મુક પ્રેક્ષક બની જોયાં કરો છો!

એ જાદુગરે બતાવેલો પ્લાસ્ટિકનો ઢીંગલો, 'બોલતો' નહોતો જ, એને બોલતો કરનારો, રમાડનારો કોઈ બીજો જ હતો. બળતાં રૂ નાં મમરાં કરનારો પણ એ જ, અને લાલ દડાને લીલો કરનારો પણ એ જ!

અનુસંધાન પાના નં. ૭ પર